MUMBAI PATIDAR PRAGATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||
|| શ્રી ગણેશાય નમઃ ||

મુંબઈ પાટીદાર પ્રગતિ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

✻ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ ● સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) ● મુખપત્ર સમિતિ ● તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✻

Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૧૩ ★ અંક ૧૩૪ ❒ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❒ Posting No. MH/MR/North East / 258 / 2010-12 ● તા. ૧૫/૦૧/૨૦૧૩ ● પાના - ૪

સમાજે આપણા માટે શું કર્યું ? તેના બદલે આપણે સમાજ માટે શું કર્યું ? તેવું વિચારીએ...

તંત્રી સ્થાનેથી...

સાચા, સરળ અને સજ્જન માણસો સામાજીક કાર્યો માટે આગળ આવવાનો વિચાર કરતા નથી

દુર્જન માણસો કયારેય આત્મદર્શન કરતા નથી પણ ગુણવાન વ્યક્તિઓના દોષો શોધવા તેઓ સતત સક્રિય રહેતા હોય છે. સજ્જન લોકો હમેશાં વ્યક્તિમાં રહેલા સદ્ગુણો શોધે છે, જ્યારે દુર્જનોની નજર દુર્ગુણો તરફ હોય છે. આવું હોય છતાં પણ લોકો દુર્જનને મોઢે દુર્જન કહેવાનું સાહસ કરતા નથી ઉલટા તેનાં વખાણ કરતા હોય છે. કારણ કે દુર્જન લોકો વખાણના ભૂખ્યા હોય છે એવા લોકોને ખુશામતીયા બહુ ગમે છે. લોકો પણ ગણતરીબાજ હોય છે, એટલે કે ખરાબ લોકો પણ વખત આવે ત્યારે કામમાં આવશે. આવી સ્વાર્થ ભાવનાના કારણે જ સજ્જનતામાં ઓટ અને દુર્જનત્વમાં ભરતીના મોજાં ઘુઘવાટ કરતાં હોય છે. આ પરિસ્થિતીમાં સાચા, સરળ અને સજ્જન માણસો સામાજીક કાર્યો માટે આગળ આવવાનો વિચાર કરતા નથી. આવી પરિસ્થિતી ઘણી જગાએ જોવા મળે છે.

નારાયણ વિશ્રામ ભગત (સુરાણી)
- માનદતંત્રી

શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ (ઘાટકોપર) આયોજીત ઉર્જા-૨૦૧૨



શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ-ઘાટકોપર પ્રસ્તુત આપણો, આપણા દ્વારા અને આપણા માટેનો ઘાટકોપરના પાટીદારનો એક અનોખો કાર્યક્રમ ઉજા-૨૦૧૨, તા. ૦૯-૧૨-૧૨ના રોજ કાલીદાસ નાટયમંદિર મુલુંડ વેસ્ટમાં શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ-મુંબઈ અને શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ઘાટકોપરના સહયોગથી યોજવામાં આવ્યો.

ઉર્જા-૨૦૧૨નો પ્રારંભ દિપ પ્રાગટય તેમજ સમારંભના મુખ્ય અતિથી શ્રી શાંતિલાલ લાલજી ઘોળુ પરિવાર દ્વારા દીપ પ્રાગટય કરી અને ઉમિયા માની આરતી ગાઈને કરવામાં આવ્યો. પ્રથમ કાર્યક્રમ બાળકો દ્વારા ગણેશજીની આરાધના કરી શરૂ કર્યો. ત્યારબાદ નાના ભુલકાઓએ ટાય ટાય ફીસ અને બેબી બેબી ગીત પર પરફોર્મ કર્યુ. આ ભુલકાઓને તો સૌ નિહાળતાં જ રહ્યા. ત્યારબાદ આપણાં જ બાળકોએ કેશીયો, તબલાં અને બેંજો જેવા વાદ્યો વગાડી સંદેશો આપ્યો કે આપણાં પાટીદાર આમાં પણ પાછળ નથી. ત્યારબાદ પ્રવીણ સોલંકી લીખીત અને આપણાંજ ભાઈ-બહેનો દ્વારા અભિનિત નાટક ''દાદાજી ઘોડે ચડયાં'' જોઈ સૌ કોઈએ પ્રોફેશનલ નાટક જોયાંની અનુભુતી કરી. દરેક કલાકારે પોતાનાપાત્રને બખુબી નિભાવ્યાં.

ઘાટકોપર યુવક મંડળની કલગી સમાન કાર્યક્રમ ઉર્જા-૨૦૧૨ના સંભારણાં રૂપે એક સ્મરણિકાનું પ્રકાશન કરવામાં આવ્યું તેનું વિમોચન શ્રી જીજ્ઞેશ બાબુલાલ ચૌહાણ અને પરિવાર દ્વારા કરવામાં આવ્યું. સન્માન સમારંભમાં અલ્પાહારના દાતા શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર તેમજ સર્વે અતિથી વિશેષનું શાલ તેમજ સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું.

૧. મુખ્ય અતિથિ તેમજ દીપ પ્રાગટ્ય - શ્રી શાંતીલાલ લાલજી ઘોળુ પરિવાર
૨. સ્મરણિકા વિમોચક - સ્વ. બાબુલાલ હીરજી ચૌહાણ પરિવાર
૩. અલ્પાહારના દાતા - શ્રી લધાભાઈ વિશ્રામ પોકાર પરિવાર
૪. અતિથી વિશેષ - શ્રી વિશનજી હરજી માવાણી, શ્રી વિજય કરશન સેંઘાણી, શ્રી પ્રકાશ હરજી માવાણી, શ્રી વિશ્રામ લાલજી રામાણી, શ્રી પુરષોત્તમ મનજી વેલાણી, શ્રી મેઘજી જેઠા રામજીયાણી, શ્રી પ્રભુલાલ ધનજી વેલાણી, શ્રી છગન કાનજી પોકાર, શ્રી રવિલાલ (જેન્તી) જેઠા પારસીયા, શ્રી રવિલાલ કેશરા રામજીયાણી, શ્રી અમૃત શીવગણ સેંઘાણી, શ્રી ઉમેશ ડાહ્યાલાલ નાથાણી, શ્રી મણીલાલ કરશન દિવાણી, શ્રી રવિલાલ શીવગણ પોકાર, શ્રી ભીમજી દેવજી ચૌહાણ, શ્રી વાલજી શામજી અમૃતિયા, શ્રી મગન રાજા ચોપડા, શ્રી જેઠાલાલ લાલજી ચોપડા, શ્રી પુરૂષોત્તમ નાનજીભાઈ સેંઘાણી, શ્રી શીવલાલ લખમશી વાસાણી, સ્વ. જીવરાજ દેવશી રામાણી પરિવાર,

વિજ્ઞાપન - વર્સેટાઈલ ગ્રુપ, ચાર્મસ ગ્રુપ, માતેશ્વર ગ્રુપ, આધિરાજ - કે.કે.પી. ગ્રુપ, મે. પટેલ કંસ્ટ્રકશન કાં.

મધ્યાંતર બાદ બોલીવુડ મિક્ષ, સુફી, રંગીલું રાજસ્થાન (રાજસ્થાની ફોક), ફ્રી સ્ટાઈલ દેશી બિટસ, કચ્છની ગરિમા એવો ગરબો અને સાલસા જેવા વિવિધ નૃત્ય પ્રદર્શિત કરવામાં આવ્યા. જ્ઞાતિજનો તરફથી સૌને ખુબ જ સુંદર પ્રતિસાદ મળ્યો. આપણી જ્ઞાતિમાં પ્રથમવાર જ પ્રસ્તુત થયેલ સુફી અને સાલસાએ સૌની અદ્ભુત ચાહના મેળવી. અંતમાં યુવક મંડળ ઘાટકોપરની ટીમે યુવા થીમ ઉપર પરફોર્મ કરી સૌ સમક્ષ એક અલગ જ અંદાજ રજુ કર્યો હતો.

ઉર્જા-૨૦૧૨ને સફળતાના શિખર સુધી પહોંચાડવામાં સમાજ, મહિલા મંડળ તેમજ યુવક મંડળના મોભી અને અનુભવી સભ્યોની સંકલન તેમજ ભંડોળ સમિતીનો સિંહ ફાળો રહેલો છે. શ્રી પ્રદિપ વેલાણી, શ્રીમતી વસીલા સેંઘાણી, શ્રી ગૌતમ છાભૈયા તેમજ શ્રી રમેશ ચૌધરી અને તેમની આખી સાંસ્કૃતિક સમિતિએ ઉર્જા-૨૦૧૨ના આધાર સ્તંભ સમું કાર્ય કર્યું હતું જે બીરદાવવા યોગ્ય છે. ખુબજ મહેનત અને લગનથી જીવંત કોરીયોગ્રાફી કરાવનાર કુ. નમ્રતા અરવિંદ પોકાર તેમજ કાર્યક્રમનું સફળ સંચાલન કરનાર શ્રીમતી કુસુમ જય રામજીયાણી ઉર્જા-૨૦૧૨ના પ્રાણ સમાન હતાં.

યુવક મંડળના પ્રમુખ શ્રી વિજય સેંઘાણી અને તેની ટીમ જે સપનું લઈને આવી હતી તે સ્વપ્ન ઉર્જા-૨૦૧૨નો સફળ અંત મંત્રી શ્રી રાજેશ પ્રભુલાલ વેલાણી દ્વારા સૌ સમક્ષ આભારવિધિ તેમજ ક્ષમા યાચના કરી કરવામાં આવ્યો. શ્રી કચ્છી કડવા





અનુસંધાન છેલ્લા પાને...

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ સમુહલગ્ન સમિતિ મુંબઈ દ્વારા વિનંતી

તા. ૧૪-૨-૨૦૧૩ના રોજ ૫૪ (ચોપન)માં સમુહલગ્નમાં ૨૭ની સંખ્યામાં નવ યુગલો જોડાય છે જેમાં ઘાટકોપર વાડી, બોરીવલી વાડી, ડોમ્બીવલી વાડીમાં ઉત્સાહી દાતાશ્રીઓ ભાઈઓ દ્વારા ત્રણે વાડીનાં વિસ્તારમાં રહેતા જ્ઞાતિના સભ્યોને વિનંતી છે કે કન્યાદાન દેવા ઈચ્છતા હોય અને સરત ચૂંકથી તેમને પત્રીકા ન મળતી હોય તેમણે પોતાના વિસ્તારની પાટીદાર વાડીમાં નામ નૌંધાવવા વિનંતી અને કન્યાદાન દેવા વિનંતી.

આ સમુહલગ્ન સમિતિ દ્વારા આયોજન થાય છે.

લી.
શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ સમુહલગ્ન સમિતિ.

વ્યક્તિનો પરિચય ચહેરાથી થાય છે, પણ એની ઓળખ વાણીથી થાય છે.

See Page 4 - Ekta Manch Report

MUMBAI PATIDAR PRAGATI (MONTHLY)

|| શ્રી ઉમિયાય નમઃ ||
|| શ્રી ગણેશાય નમઃ ||

મુંબઈ પાટીદાર પ્રગતિ

વાર્ષિક લવાજમ રૂા. ૧૨/-

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ (મુંબઈ) નું મુખપત્ર

✳ સ્થાપના : ૧૯/૧૦/૧૯૯૯ • સંચાલન : શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) • મુખપત્ર સમિતિ • તંત્રી : શ્રી નારાયણ વિ. ભગત ✳

Shree Kutchhi Kadva Patidar Gnyati Trust Fund (Mumbai), Patidar Wadi, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086.

વર્ષ : ૧૩ ★ અંક ૧૩૪ ❐ RNI No. : MAHGUJ / 2010 / 32199 ❐ Posting No. MH/MR/North East / 258 / 2010-12 • તા. ૧૫/૦૧/૨૦૧૩ • પાના - ૪

સમાજે આપણા માટે શું કર્યું ? તેના બદલે આપણે સમાજ માટે શું કર્યું ? તેવું વિચારીએ...

તંત્રી સ્થાનેથી...

સાચા, સરળ અને સજ્જન માણસો સામાજીક કાર્યો માટે આગળ આવવાનો વિચાર કરતા નથી

દુર્જન માણસો કયારેય આત્મદર્શન કરતા નથી પણ ગુણવાન વ્યક્તિઓના દોષો શોધવા તેઓ સતત સક્રિય રહેતા હોય છે. સજ્જન લોકો હમેશાં વ્યક્તિમાં રહેલા સદ્‌ગુણો શોધે છે, જ્યારે દુર્જનોની નજર દુર્ગુણો તરફ હોય છે. આવું હોય છતાં પણ લોકો દુર્જનને મોઢે દુર્જન કહેવાનું સાહસ કરતા નથી ઉલટા તેનાં વખાણ કરતા હોય છે. કારણ કે દુર્જન લોકો વખાણના ભૂખ્યા હોય છે એવા લોકોને ખુશામતીયા બહુ ગમે છે. લોકો પણ ગણતરીબાજ હોય છે, એટલે કે ખરાબ લોકો પણ વખત આવે ત્યારે કામમાં આવશે. આવી સ્વાર્થ ભાવનાના કારણે જ સજ્જનતામાં ઓટ અને દુર્જનત્વમાં ભરતીના મોજાં ઘુઘવાટ કરતાં હોય છે. આ પરિસ્થિતીમાં સાચા, સરળ અને સજ્જન માણસો સામાજીક કાર્યો માટે આગળ આવવાનો વિચાર કરતા નથી. આવી પરિસ્થિતી ઘણી જગાએ જોવા મળે છે.

નારાયણ વિશ્રામ ભગત (સુરાણી)
- માનદતંત્રી

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ સમુહલગ્ન સમિતિ મુંબઇ દ્વારા વિનંતી

તા. ૧૪-૨-૨૦૧૩ના રોજ ૫૪ (ચોપન)માં સમુહલગ્નમાં ૨૭ની સંખ્યામાં નવ યુગલો જોડાય છે જેમાં ઘાટકોપર વાડી, બોરીવલી વાડી, ડોમ્બીવલી વાડીમાં ઉત્સાહી દાતાશ્રીઓ ભાઈઓ દ્વારા ત્રણે વાડીનાં વિસ્તારમાં રહેતા જ્ઞાતિના સભ્યોને વિનંતી છે કે કન્યાદાન દેવા ઈચ્છતા હોય અને સરત ચૂંકથી તેમને પત્રીકા ન મળતી હોય તેમણે પોતાના વિસ્તારની પાટીદાર વાડીમાં નામ નૌધાવવા વિનંતી અને કન્યાદાન દેવા વિનંતી.

આ સમુહલગ્ન સમિતિ દ્વારા આયોજન થાય છે.

લી.
શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ સમુહલગ્ન સમિતિ.

શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ (ઘાટકોપર) આયોજીત ઉર્જા-૨૦૧૨



શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ-ઘાટકોપર પ્રસ્તુત આપણો, આપણા દ્વારા અને આપણા માટેનો ઘાટકોપરના પાટીદારનો એક અનોખો કાર્યક્રમ ઉજા-૨૦૧૨, તા. ૦૬-૧૨-૧૨ના રોજ કાલીદાસ નાટયમંદિર મુલુંડ વેસ્ટમાં શ્રી ઘાટકોપર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ-મુંબઈ અને શ્રી કચ્છી કડવા પાટીદાર મહિલા મંડળ-ઘાટકોપરના સહયોગથી યોજવામાં આવ્યો.

ઉર્જા-૨૦૧૨નો પ્રારંભ દિપ પ્રાગટય તેમજ સમારંભના મુખ્ય અતિથી શ્રી શાંતિલાલ લાલજી ઘોળુ પરિવાર દ્વારા દીપ પ્રાગટય કરી અને ઉમિયા માની આરતી ગાઈને કરવામાં આવ્યો. પ્રથમ કાર્યક્રમ બાળકો દ્વારા ગણેશજીની આરાધના કરી શરૂ કર્યો. ત્યારબાદ નાના ભુલકાઓએ ટાય ટાય ફીસ અને બેબી બેબી ગીત પર પરફોર્મ કર્યું. આ ભુલકાઓને તો સૌ નિહાળતાં જ રહ્યા. ત્યારબાદ આપણાં જ બાળકોએ કેશીયો, તબલાં અને બેંજો જેવા વાદ્યો વગાડી સંદેશો આપ્યો કે આપણાં પાટીદાર આમાં પણ પાછળ નથી. ત્યારબાદ પ્રવીણ સોલંકી લીખીત અને આપણાંજ ભાઈ-બહેનો દ્વારા અભિનિત નાટક ''દાદાજી ઘોડે ચડયાં'' જોઈ સૌ કોઈએ પ્રોફેશનલ નાટક જોયાંની અનુભુતી કરી. દરેક કલાકારે પોતાનાપાત્રને બખુબી નિભાવ્યાં.

ઘાટકોપર યુવક મંડળની કલગી સમાન કાર્યક્રમ ઉર્જા-૨૦૧૨ના સંભારણાં રૂપે એક સ્મરણિકાનું પ્રકાશન કરવામાં આવ્યું તેનું વિમોચન શ્રી જીજ્ઞેશ બાબુલાલ ચૌહાણ અને પરિવાર દ્વારા કરવામાં આવ્યું. સન્માન સમારંભમાં અલ્પાહારના દાતા શ્રી લઘાભાઈ વિશ્રામ પોકાર તેમજ સર્વે અતિથી વિશેષનું શાલ તેમજ સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું.

૧. મુખ્ય અતિથિ તેમજ દીપ પ્રાગટય - શ્રી શાંતીલાલ લાલજી ઘોળુ પરિવાર
૨. સ્મરણિકા વિમોચક - સ્વ. બાબુલાલ હીરજી ચૌહાણ પરિવાર
3. અલ્પાહારના દાતા - શ્રી લઘાભાઈ વિશ્રામ પોકાર પરિવાર
૪. અતિથી વિશેષ - શ્રી વિશનજી હરજી માવાણી, શ્રી વિજય કરશન સેંઘાણી, શ્રી પ્રકાશ હરજી માવાણી, શ્રી વિશ્રામ લાલજી રામાણી, શ્રી પુરષોત્તમ મનજી વેલાણી, શ્રી મેઘજી જેઠા રામજીયાણી, શ્રી પ્રભુલાલ ધનજી વેલાણી, શ્રી છગન કાનજી પોકાર, શ્રી રવિલાલ (જેન્તી) જેઠા પારસીયા, શ્રી રવિલાલ કેશરા રામજીયાણી, શ્રી અમૃત શીવગણ સેંઘાણી, શ્રી ઉમેશ ડાહ્યાલાલ નાથાણી, શ્રી મણીલાલ કરશન દિવાણી, શ્રી રવિલાલ શીવગણ પોકાર, શ્રી ભીમજી દેવજી ચૌહાણ, શ્રી વાલજી શામજી અમૃતિયા, શ્રી મગન રાજા ચોપડા, શ્રી જેઠાલાલ લાલજી ચોપડા, શ્રી પુરૂષોત્તમ નાનજીભાઈ સેંઘાણી, શ્રી શીવલાલ લખમશી વાસાણી, સ્વ. જીવરાજ દેવશી રામાણી પરિવાર,

વિજ્ઞાપન - વર્સેટાઈલ ગ્રુપ, ચાર્મસ ગ્રુપ, માતેશ્વર ગ્રુપ, આધિરાજ - કે.કે.પી. ગ્રુપ, મે. પટેલ કંસ્ટ્રકશન કાું.

મધ્યાંતર બાદ બોલીવુડ મિક્ષ, સુફી, રંગીલું રાજસ્થાન (રાજસ્થાની ફોક), ફ્રી સ્ટાઈલ દેશી બિટસ, કચ્છની ગરિમા એવો ગરબો અને સાલસા જેવા વિવિધ નૃત્ય પ્રદર્શિત કરવામાં આવ્યા. જ્ઞાતિજનો તરફથી સૌને ખુબ જ સુંદર પ્રતિસાદ મળ્યો. આપણી જ્ઞાતિમાં પ્રથમવાર જ પ્રસ્તુત થયેલ સુફી અને સાલસાએ સૌની અદ્‌ભુત ચાહના મેળવી. અંતમાં યુવક મંડળ ઘાટકોપરની ટીમે યુવા થીમ ઉપર પરફોર્મ કરી સૌ સમક્ષ એક અલગ જ અંદાજ રજુ કર્યો હતો.

ઉર્જા-૨૦૧૨ને સફળતાના શિખર સુધી પહોંચાડવામાં સમાજ, મહિલા મંડળ તેમજ યુવક મંડળના મોભી અને અનુભાવી સભ્યોની સંકલન તેમજ ભંડોળ સમિતીનો સિંહ ફાળો રહેલો છે. શ્રી પ્રદિપ વેલાણી, શ્રીમતી વસીલા સેંઘાણી, શ્રી ગૌતમ છાભૈયા તેમજ શ્રી રમેશ ચૌધરી અને તેમની આખી સાંસ્કૃતિક સમિતિએ ઉર્જા-૨૦૧૨ના આધાર સ્તંભ સમું કાર્ય કર્યું હતું જે બીરદાવવા યોગ્ય છે. ખુબજ મહેનત અને લગનથી જીવંત કોરીયોગ્રાફી કરાવનાર કુ. નમ્રતા અરવિંદ પોકાર તેમજ કાર્યક્રમનું સફળ સંચાલન કરનાર શ્રીમતી કુસુમ જય રામજીયાણી ઉર્જા-૨૦૧૨ના પ્રાણ સમાન હતાં.

યુવક મંડળના પ્રમુખ શ્રી વિજય સેંઘાણી અને તેની ટીમ જે સપનું લઈને આવી હતી તે સ્વપ્ન ઉર્જા-૨૦૧૨નો સફળ અંત મંત્રી શ્રી રાજેશ પ્રભુલાલ વેલાણી દ્વારા સૌ સમક્ષ આભારવિધિ તેમજ ક્ષમા યાચના કરી કરવામાં આવ્યો. શ્રી કચ્છી કડવા





અનુસંધાન છેલ્લા પાને...

વ્યક્તિનો પરિચય ચહેરાથી થાય છે, પણ એની ઓળખ વાણીથી થાય છે.

મુક્ત ચિંતન

"સમગ્ર જ્ઞાતિગંગા જોગ"

સવિનય સાથે, દ્રવતા હૃદયે, સજળ નયને મુજ અંતઃકરણની નિષ્કામ ભાવનાઓને જ્ઞાતિજનોના હૃદયાંગણમાં રમવા મોકલાવવાની મારી ફરજ સમજી શબ્દસુમનના રૂપમાં મા શારદાનો પ્રસાદ મોકલાવું છું. હું એક ડૉક્ટર હોવાથી માનવ ધર્મને મારો ધર્મ સમજી, દરિદ્રનારાયણને મારું ભાગ્ય ગણી પત્ર લખી રહ્યો છું અને આપ સૌને શબ્દદેહે મળતાં ગૌરવ અને સુખ અનુભવું છું,...

"આવી આવી શબ્દોની વણઝાર જાઝમ પાથરજો,
મંહી બેઠા અર્થોના અસવાર જાઝમ પાથરજો."

'પાટીદાર સમાજ' એટલે સરળ, સભ્ય, સમજદાર, વહેવારુ, મહેનતું વચનપાલક અને શ્રધ્ધા સભર સમાજ ! પણ આજ આપ સૌને જાણ છે તે મુજબ ઉપરોક્ત ગુણો ધીરે ધીરે વિરોહિત થતા દેખાય છે, સમાજની એકતામાં અંહી-તંહી તિરાડો નજરે પડે છે, જેનાં દર્શન કરી સમાજપ્રેમીઓનાં હૈયાં રૂદન કરતાં દેખાય છે કારણકે આપણે આપણી શક્તિનો વાપર અંદરો-અંદર વેડફી નાખીએ છીએ, એની બદલે રચનાત્મક કાર્યોમાં કરવો જોઈએ જે સમગ્ર જ્ઞાતિના હિતમાં છે, આવી પરિસ્થિતિ નિર્માણ થવા પાછળનાં કારણોની તપાસ કરતાં જણાશે કે આપણી જ્ઞાતિ ઉપર મહાલક્ષ્મીની મહેર આજે ખૂબ વરસતી રહેલ છે. સાથે સાથે મા ઉમિયા તથા મા સરસ્વતી કેરી મહેર મન મૂકી વરસતી રહી છે, જેના ફળ સ્વરૂપ મારા મત મુજબ આપણી પાસે સમ્પતિમાં વધારો થતાં સન્મતિમાં ઓટ આવતીં નજરે પડે છે, તેથી અહંમ માથુ ઉચકો રહેલ છે, મારી-તારી, રાગ-દ્વેષ અને સત્તાની સાઠમારી કેરો ત્રિવેણી સંગમ ઉછળતો કળાય છે ! 'મને નહિ હોય તો ચાલશે મારા ભાઈને આપો'ની ભાવના લુપ્ત થતી જાય છે, સયુંક્ત કુટુંબો ધીરે ધીરે વિભક્ત કુટુંબો બનતાં જાય છે, નાન-મોટાઈનો વિવેક સુક્ષ્મ અભિમાન દ્વારા વિસરાઈ જાય છે, ત્યારે ત્યાં દેખા દેછે ફક્ત અજંપો ! જેના થકી આપણે આપસમાં નાની વાતને મોટું સ્વરૂપ આપી કોર્ટ કચેરી કરી, એક મેક પર કાદવ ઉછાળી આપણા ભવ્ય ભૂતકાળને કાલીમા લગાડતા થયા છીએ, જેના ફળસ્વરૂપ આજ આપણું વર્તમાન આપણે બગાડવા તરફ આગળ વધી રહ્યા છીએ, તો મારી અત્રે સમગ્ર સુજ્ઞ જ્ઞાતિજનોને અંતઃકરણ પૂર્વક નમ્ર વિનંતી છે કે કોઈપણ પ્રશ્નનો સુમેળ સાધવો હશે તો અહંકાર કે વિકારની 'કાર'માં કે અભિમાનના 'વિમાન'માં બેસીને કે ઉડીને નહીં સાધી શકાય એ માટેતો આપણે સુંદર ભાવ સાથે, પ્રેમ પંથે, અને સ્નેહ કેરા સાથિયા પુરતાં-પુરતાં સહકારની 'કાર'માં અને વિનમ્રતાના 'વિમાન'માં બેસીને જ લક્ષને હાંસલ કરવા ભાગ્યશાળી બનશું અન્યથા નહિ, આમ કરવા જતાં મનને મારવું પડશે બુદ્ધિની લગામ દ્વારા અને સેવાની સરવાણી દ્વારા રિદ્ધિ-સિદ્ધિ હાંસલ કરવા આગળ વધવું પડશે, આજ વાતના સાક્ષી બની કવિ કહે છે...

"જો જીવનભર અંધિયારોસે લડતે હૈ,
દુનિયા ઉનકે ચરનો પે દિપ જલાતી હૈ,
ફૂલોં જૈસી જીસકી ઝરનેકી તૈયારી હૈ,
ખુશ્બુ ઉનકે માથેપર તિલક લગાતી હૈ."

"મારે નથી સૂરજ બનવું કે નથી ચાંદ-સિતારા બનવું, મને તો ફક્ત એક નાનકડો દિવડો પકડવાનું સૌભાગ્ય મળે તો બસ" એવી નમ્રતા, સબ્રતા, સરળતા, સભ્યતા તથા સહજતા સભર જો સાથે બેસી વિચાર વિમર્સ કરવા આગળ વધશુ તો જરૂર સુખ-સમૃદ્ધિ અને શાંતિને વરશું એમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી, રિદ્ધિ-સિદ્ધિના શિખર સુધી તો જ પહોંચી શકીશું જો...

- 'સત્ય-સયંમ-સ્નેહ'ની સરિતામાં ડુબકી મારશું તો...
- 'ધર્મ-અર્થ-કામ-મોક્ષ'ની વ્યાખ્યાને આત્મસાત કરી ડગ ભરશું તો...
- મારી-તારી, દેખાદેખી અને દ્વેષવૃત્તિને દેશવટો આપશું તો...
- મા-બાપ, બહેન-દિકરીઓની સેવા-સુશ્રુષા એ પ્રભુસેવા સમજી ચાલશું તો...
- ઈશ્વર સર્વજ્ઞ, સર્વવ્યાપક, સર્વનિયંતા, હિતકારી અને ન્યાયકારી છે એ જ્ઞાન ભૂલ શું નહિ તો...

લી. ડૉ. શામજી લાલજી ચોપડા 'શ્યામ' - ઘાટકોપર (૫), મુંબઈ-૪૦૦ ૦૮૬.


શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મલાડ-મુંબઈની તા. ૧૬-૧૧-૨૦૧૨ની સામાન્ય સભાનો અહેવાલ

તા. ૧૮-૯-૨૦૧૨ના ઝોનની કારોબારી મીટીંગમાં થયેલ કાર્યવાહી, ત્યારબાદ આપણા મુંબઈ ઝોનના હોદ્દેદારોની કચ્છ રાયણ મધ્યેની તા. ૨૩-૯-૨૦૧૨ની મીટીંગમાં બજાવેલ ભુમીકા અને ત્યાર બાદ તા. ૨૫-૦૯૨૦૧૨ના કેન્દ્રિય સમાજની કારોબારીની મિટીંગ અને તેમા લેવાયેલા નિર્ણયોનો અહેવાલ ઝોન મારફતે અમને મડ્યો. તેના અનુસંધાને અમોએ માંડવી નિર્માણ સમિતિને આપેલ અધીકારના ઠરાવની નકલ, વખતો વખત મીટીંગની મીનીટ જોઈ, અઢાર વીસ વર્ષ પુર્વેથી અત્યાર સુધીના ડોક્યુમેંટ આધારીત પુરાવા જોયા, અને તેની સાથે ૨૦૦૮ માં થયેલ ઠરાવ, સ્કુલ બનાવવા અને ગર્વમેન્ટના લાભો લેવા માટે આ મીલકત નક્કી કરેલ ઠરાવ મુજબ પાટીદર સર્વોદય ટ્રસ્ટમાં ટ્રાંસફર કરવામાં આવેલ છે. અને તેમા નિર્માણ સમીતીનો કોઈ બદ ઈરાદો દેખાયો નથી. અને તેની સાથે કેન્દ્રિય સમાજની અઢાર વીસ વરસની કાર્યવાહીમાં મુખ્ય ભુમિકા નથી તેમ અમને લાગ્યું છે. સાથે કેન્દ્રિય સમાજે લીધેલ નીર્ણયના આધારે ઝોન તરફથી આવેલ પત્ર, બીજા મુખપત્રો અને પેપરમાં આવેલ અહેવાલના હીસાબે સાંપ્રદાયિક ઈસ્યુ બનાવી સમાજને તોડવાનો સ્પષ્ટ ઈરાદો દેખાય છે અને તેની સાથે આ ઈસ્યુ ઝોનનો નથી તેમ છતાં તેની કાર્યવાહી અહીં કરીને સમાજની એકતા તોડવાના પ્રયાસ શામાટે કરવામાં આવે છે ? મુંબઈ ઝોને કામ કરવા સમુહ લગ્નની માંગણી ટ્રસ્ટ ફંડ પાસે કરેલ. સમુહ લગ્ન સમીતી, યુવક મંડળ અને મહિલા મંડળના સહકારે ત્રેપન સમુહ લગ્ન સંપુર્ણ કરેલ છે અને આગળ પણ થતા રહેશે, તેમ છતા તેની માંગણી કરી તેમાં પણ તમારો બદ ઈરાદો છે એમ અમોને લાગ્યું છે. તા. ૧૬-૧૧-૨૦૧૨ની ઉપરોક્ત સમાજની સામાન્ય સભામાં લેવાયેલા નીર્ણય અને કરેલ ઠરાવ નીચે મુજબ છે.

૧. તા. ૧૮-૯-૧૨ના ઝોનની કારોબારીમાં અહીંના પ્રતિસ્ઠીત વ્યક્તિની માનહાની માટે ઝોનની કારોબારીને જવાબદાર ઠેરવે છે અને સખ્ત શબ્દોમાં વખોડે છે.
૨. તા. ૨૩-૯-૧૨ના કચ્છ રાયણ મધ્યેની કાર્યવાહીમાં ઝોનના હોદ્દેદારોની ભુમિકાને વખોડે છે.
૩. તા. ૨૫-૯-૧૨ના કેન્દ્રિય સમાજની કારોબારીની મીટીંગમાં અહીંની તેમજ રાયણ ગામની મીટીંગના અહેવાલના આધારે લેવાયેલ નિર્ણયને સખ્ત શબ્દોમાં વખોડે છે.
૪. ઝોનને કામ જોઈએ છે તો અહીં સ્કુલ અને હોસ્ટેલની તાતી જરુર છે તે કાર્યવાહી હાથમાં લઈ સમાજના વીકાસનું કામ હાથમાં લેવાની ભલામણ કરે છે.
૫. કેન્દ્રિય સમાજ વીકાસ માટે સારું કામ કરે છે જેમાં અમારો હમેશ સહકાર છે, પરંતુ મુંબઈ ઝોનની કારોબારી સમાજની એકતા અને વિકાસના કાર્યો સિવાયની કાર્યવાહી કરતા ઝોનનો બહિસ્કાર કરી રુપિયા ૨૦નું કલેકશન ન કરવા નક્કી કરેલ છે.

લી. ક.ક.પા.સ. મલાડ, મુંબઈ - પ્રમુખ - મંત્રી

-: અભિનંદન :-
"M.B.B.S. થયા"



ડૉ. અંકિત સુરાણી

કચ્છમાં વિથોણના અને હાલે ડોંબિવલી (પૂર્વ)માં રહેતા શ્રી હરિશચન્દ્ર જીવરાજભાઈ સુરાણીના નાના સપુત્ર ડૉ. અંકિત સુરાણી શરૂઆતથીજ ઉજળી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા હાલમાંજ નેરુલ મધ્યે પદ્મશ્રી ડૉ. ડી.વાય.પાટીલ મેડિકલ કોલેજ દ્વારા લેવાયેલ ૨૦૧૨ની M.B.B.S.ની ફાઈનલ પરીક્ષા પાર કરી (૫૩/૩૩%) ડોંબિવલી સમાજના સૌ પ્રથમ ડોક્ટર બનવાનું બહુમાન પ્રાપ્તકરી સમગ્ર ડોંબિવલી સમાજ અને વિથોણ સમાજનું નામ રોશન કરેલ છે.

આ ઉપરાંત આજ પરિવારના ડૉ. સાહેબના મોટાભાઈ સની સુરાણી પણ લંડન ખાતે M.A. Marketing Communication ની માસ્ટર ડીગ્રી હાંસીલ કરી હાલે લંડન (UK) ખાતે જ સર્વિસ કરી રહ્યા છે આ બન્ને ભાઈઓ દ્વારા સમગ્ર સુરાણી (ભગત) પરિવારના નામને ગૌરવવંતુ બનાવાયું છે. બન્નેને ખુબ ખુબ અભિનંદન

શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ (ઘાટકોપર) આયોજીત પરિવાર કપ ટેનીસ ક્રીકેટ ટુર્નામેન્ટ ૨૦૧૩

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ (ઘાટકોપર) દ્વારા સ્વ. શ્રી બાબુલાલ હીરજી ચૌહાણ વિનર્સ ટ્રોફી પરિવાર કપ ૨૦૧૩નું આયોજન કરવામાં આવેલ છે જેમાં ભાગ લેવા ઘાટકોપરના ક્રીકેટ ટીમોને હાર્દિક આમંત્રણ છે.

- આયોજન તારીખ ૨૩ અને ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૩.
- આયોજન સ્થળ : ફાતિમા હાઈસ્કુલ, કીરોલ રોડ.
- પ્રવેશ શુલ્ક : રૂા. ૩૩૦૦/-
- સંપર્ક :-

હીતેશ હીરાલાલ રામજીયાણી	પ્રદીપ પુરષોત્તમ વેલાણી	સત્યેન મોહન વેલાણી
૯૮૬૯૬૮૭૩૪૭	૯૮૬૭૩૩૨૨૮૭	૯૮૧૯૩૫૩૫૪૧

લી. શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ (ઘાટકોપર)

॥ શ્રી ગણેશાય નમઃ ॥

શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ નાલાસોપારા (મુંબઈ)

શ્રી કૃષ્ણાયોગેશ્વર મા ઉમીયાધામ:

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની હરખ અને ઉલાસ ભૈર ઉજવણી કરવામાં આવી







શુભારંભ : બુધવાર, તા. ૨૬-૧૨-૨૦૧૨ પુર્ણાહુતી : શુક્રવાર, તા. ૨૮-૧૨-૨૦૧૨

તા. ૨૪/૧૨/૨૦૧૨ના માતાજી ઉમીયા ધામ ગોરેગામ થી માતાજીની અખંડ જ્યોત લઈ જતા પદયાત્રીકોને રસ્તામાં દહિસરના ભાઈઓએ ચા-પાણી ની સેવા આપી હતી, તેમજ મીરારોડ સમાજે સાંજે માતાજીની જ્યોતની આરતી ઉતારી હરખગેલા બન્યા હતા, તેમજ મીરારોડ સમાજના જનમણસે દરેક ભાવિક ભક્તોને નાસ્તા તેમજ ચા-પાણી કરાવીને તૃપ્ત કર્યા હતા, આગળ વધતા કાઠીયા વાડીના કાંગરેના ભગત એવા શ્રીમાન ગોવિન્દભાઈ એ સર્વે પદયાત્રીકોને સ્વૅસરેસ્ઢદાન અન્નદાન કરી ભોજન કરાવ્યું હતું, તેમજ સવારનો નાસ્તો હીરાલાલ હંસરાજ પોકાર પરીવારે આપયો હતો, ને બપોરનું ભોજન તેમજ પદયાત્રીકોને નાવણ-ધોવણ-આરામ માટે હરખ ગેલા થઈ વસઈ સમાજના ભાઈઓ ઊમટી પડયા હતા, આ રીતે વાજતે ને ગાજતે માતાજી મા ઉમીયાની જયોત માતાજીના પટાંગણમા પહોંચી હતી ને સર્વે ભાવિક ભક્તોએ ઢોલ સરનાઈ વગાડીને માતાજીને હોસે હોસે વધાવી લીધાં હતા.

પરમ કૃપાળુ પરમાત્મા અને મા ઉમીયાની અશિમકૃપાથી શ્રી કૃષ્ણ અને મા ઉમીયા માતાજીની મુર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ હરખ અને ઉલાસ ભૈર ઉત્સવની ઉજવણી કરી હતી, માતાજી તેમજ ભગવાન શ્રી ક્રિષ્ણના પટાંગણ માં આવી બહોડી સંખયામાં ભાવીક ભગતોએ ભગવાન પ્રત્યેની લાગણી વ્યક્ત કરી હતી આવેલ નામી અનામી સર્વે ભાવિક ભકતોનું સ્વાગત કરતા આયોજન સમીતીએ હરખની લાગણી અનુંભવી હતી તેમજ પોતાને ભગવત કાર્ય કરવા બદલ ખુસ નસીબ માનતા હતા, આ ત્રીદિવસીય પ્રોગ્રામમાં સર્વે દાતાશ્રીઓને સ્મૃતિ ચીનહ આપી આવકારયા હતા. સર્વે ભક્તોએ ભગવાનના કાર્યમાં હીલોડે ચડી જાય તેવા મંદિર નીર્માણના સંપુર્ણ દાતા તેમજ લાઈફ ટાઈમ ટ્રસ્ટી આવા શ્રીમાન ગંગારામ જીવરાજ પોકાર પરિવાર સર્વેને હરખથી વધાવી લીધા હતા. અને આ ત્રીદિવસીય મહોત્સવ પુર્ણ થયો હતો..

-: શુભ સ્થળ :-

શ્રી કૃષ્ણયોગેશ્વર મા ઉમીયાધામ ટ્રસ્ટ

શ્રી યોગેશ્વર નગર, તુલીનજ, નાલાસોપારા (પૂર્વ), જી. થાણા, પીન કોડ-૪૦૧ ૨૦૯.

કલહ માનવના જીવનને ઉજ્જળ બનાવે છે, સુલેહ માનવના જીવનને ઉજવળ બનાવે છે.

શ્રી પાટીદાર યુવક મંડળ, શહાડની 'વાર્ષિક સામાન્ય સભા' યોજાઇ આગામી બે વર્ષ માટે નવી કારોબારી સમિતિની નિમણૂંક કરાઇ

શ્રી પાટીદાર યુવક મંડળ, શહાડની 'વાર્ષિક સામાન્ય સભા' તા. ૨૪/૧૧/૨૦૧૨ના રાત્રે ૯.૩૦ કલાકે 'પાટિદાર ભવન' શહાડ મધ્યે પ્રમુખશ્રી જયંતીલાલ અંબાલાલ ભાવાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ. સર્વપ્રથમ ગત મિટીંગનું વાંચન સહમંત્રી શ્રી સુરેશ અબજી જાદવાણીએ કરેલ. ખજાનચી શ્રી સુનિલ વાલજી નાકરાણી દ્વારા ગતવર્ષના વાર્ષિક હિસાબોની રજુઆત કરવામાં આવેલ. ત્યારબાદ વર્તમાન કારોબારી સમિતિની મુદ્દત પૂર્ણ થતાં નવી કારોબારી સમિતિની આગામી ૨ વર્ષ માટે (૨૦૧૨-૨૦૧૪) નિમણુંક કરવામાં અવેલ.

૧.	પ્રમુખ	- શ્રી અમૃતલાલ નથુભાઈ જાદવાણી	૦૯૩૨૨૨૬૧૮૯૪
૨.	ઉપપ્રમુખ	- શ્રી હરસુખ રવિલાલ નાકરાણી	૦૯૭૩૦૦૭૫૩૪૨
૩.	મહામંત્રી	- શ્રી સુરેશ અબજીભાઈ જાદવાણી	૦૯૩૨૦૧૧૬૨૨૬
૪.	સહ-મંત્રી	- શ્રી જીતેન ખીમજીભાઈ જાદવાણી	૦૯૮૨૦૧૭૨૩૧૨
૫.	ખજાનચી	- શ્રી શંકરલાલ જેઠાભાઈ ઉકાણી	૦૯૮૨૦૮૪૭૭૧૯
૬.	સહ-ખજાનચી	- શ્રી નિતેશ બાબુલાલ ભાવાણી	૦૯૮૩૩૭૩૪૯૯૦
૭.	કા. સભ્ય	- શ્રી મુકેશ રવિલાલ નાકરાણી, શ્રી સુનિલ વાલજીભાઈ નાકરાણી, દિનેશ હંસરાજભાઈ ભાવાણી, શ્રી સુરેશ સામજીભાઈ નાકરાણી, શ્રી રમેશ નાનજીભાઈ જાદવાણી, શ્રી દિલિપ વિશ્રામભાઈ ભાદાણી, શ્રી હરેશ રવજીભાઈ પોકાર, ની હરેશ અબજીભાઈ સાંખલા, શ્રી મુકેશ દેવજીભાઈ જાદવાણી, શ્રી દિપક મણીલાલ ભાદાણી, શ્રી દિનેશ બાબુભાઈ ઉકાણી	

ત્યારબાદ નવા વરાયેલા મહામંત્રી શ્રી સુરેશ અબજી જાદવાણી અને પ્રમુખ શ્રી અમૃતલાલ નથુભાઈ જાદવાણીએ સર્વનો આભાર વ્યક્ત કરેલ અને સર્વને સાથ, સહકાર, સંપ, એકતાની અપીલ કરેલ અંતે આભારવિધી ઉપપ્રમુખ શ્રી હરસુખ રવિલાલ નાકરાણીએ કરેલ. અંતે અલ્પાહાર કરીને સર્વ છુટા પડેલ. સંપૂર્ણ મિટીંગનું સંચાલન નવા વરાયેલા મહામંત્રી શ્રી સુરેશ અબજી જાદવાણીએ કરેલ.

લી. શ્રી સુરેશ અબજી જાદવાણી - મહામંત્રી

શ્રી પાટીદાર યુવક મંડળ, શહાડ દ્વારા દશેરા નિમિત્તે સરસ્વતી સાસ્કૃતિક કાર્યક્રમ કલાકાર એવમ્ 'શહાડ યુવા રત્ન'નું સન્માન કરાયું.

શ્રી પાટીદાર યુવક મંડળ, શહાડ દ્વારા 'પાટીદાર ભવન', શહાડ મધ્યે તા. ૨૪/૧૦/૨૦૧૨ના 'સરસ્વતી સાંસ્કૃતિક કાર્યક્રમ કલાકાર' એવમ્ 'શહાડ યુવા રત્ન'નું સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

બપોરના ૨.૩૦ કલાકે સર્વનું શાબ્દિક સ્વાગત કરી સમાજની કારોબારી સમિતિ, ટ્રસ્ટના ચેરમેન શ્રી શીવજી હંસરાજ ઉકાણી અને દાતાશ્રીઓ શ્રી રમેશ જેઠા ભાદાણી (મહાલક્ષ્મી ટીમ્બર માર્ટ) શ્રી નાનજી લખમશી જાદવાણી (ઉમિયા ટ્રેડર્સ), શ્રી નથુ દેવશી જાદવાણી (શિવશક્તિ ટ્રેડર્સ), શ્રી કેશરા દેવશી જાદવાણી (દેવી ટીમ્બર માર્ટ)ને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરી મંચસ્થ કરેલ. ત્યારબાદ સમાજના પ્રમુખશ્રી ખીમજી લાલજી જાદવાણી, દાતાશ્રીઓ એવમ્ યુવક મંડળના પ્રમુખ શ્રી જયંતીલાલ અંબાલાલ ભાવાણી અને મહામંત્રી શ્રી શંકર અબજી સાંખલા દ્વારા કુળદેવી મા ઉમાનો દિપ પ્રાગટય કરવામાં આવેલ.

યુવક મંડળ દ્વારા આ વર્ષથી યુવક મંડળના જ સભ્યોને 'શહાડ-પાટીદાર યુવા રત્ન'નું વિશેષ સન્માન કરવામાં આવેલ જેમાં શ્રી સુરેશ અબજી જાદવાણી (પ્રતિનિધિ-પાટીદાર સંદેશ), શ્રી દિલિપ વિશ્રામ ભાદાણી (પ્રમુખશ્રી - કલ્યાણ હાર્ડવેઅર એન્ડ પેંટસ એસોસિયેશન), શ્રી અનિલ વાલજી નાકરાણી (મહામંત્રી શ્રી કલ્યાણ પ્લાયવુડ એસોસિયેશન)ને સન્માનિત કરેલ. ત્યારબાદ કુળદેવી મા ઉમાના દરબાર ઉંઝા પદયાત્રા ગયેલ એવા પ્રભુદાસ લખમશી સાંખલાને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરેલ.

ત્યારબાદ મંચસ્થ વડિલો દ્વારા પ્રાસંગિક મંતવ્યો આપેલ અને બાળકોએ પણ પોતાની આગવી કાલાઘેલી ભાષામાં બે શબ્દો કહેલ. અંતે આભારવિધી સહમંત્રી શ્રી સુરેશ અબજી જાદવાણીએ કરેલ. રાત્રે ૭.૩૦ કલાકે બ્રહ્મભોજનની સર્વએ મિજબાની કરેલ. રાત્રે ૯.૩૦ કલાકે સૌ હર્ષ અને આનંદ સાથે છુટા પડેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી શ્રી શંકરલાલ અબજી સાંખલા અને સહમંત્રી શ્રી સુરેશ અબજી જાદવાણી દ્વારા કરવામાં આવેલ.

લિ. સુરેશ અબજી જાદવાણી - સહમંત્રી

શ્રી મુંબઈ મહિલા મંડળ દ્વારા આયોજીત "એક દિવસીય પીકનીક"

બહેનો માટે ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર. ગાડી, બસ અને ટ્રેન દ્વારા પ્રવાસ કે પીકનીક તો માણતાજ હોઈએ છીએ. પણ બોટમાં દરિયાઈ સફર માણવાનો આનંદ કાંઈક અનેરો જ હોય છે. તો ચાલો બહેનો તૈયાર થઈ જાવ મુંબઈ મહિલા મંડળ બોલાવી રહ્યું છે દરિયાની લહેરોમાં હિલોળા લેવા.

ગુરૂવાર, ત. ૨૭-૨-૨૦૧૩ • સ્થળ : ગેટ-વે-ઓફ ઈન્ડીયા
સમય : બપોરના ૨.૦૦ કલાકે ગેટવે ઓફ ઈંડીયા પહોંચવાનો સમય
પ્રવેશ શુલ્ક : ૩૫૦ - વ્યક્તિ દીઠ

નોંધ :
- ભેગા થવાનું સ્થળ ગેટવે ઓફ ઈંડિયા. સૌ બહેનોએ પોતાના ખર્ચે ગેટવે ઓફ ઈંડિયા પહોંચવાનું રહેશે.
- વહેલો તે પહેલાના ધોરણે તા. ૧૦-૨-૨૦૧૩ સુધીમાં નામ અને રૂ. નોંધાવવાના રહેશે.
- રમત-ગમત-હાઉઝી અને ખાણીપીણીની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.
- પાણીની વ્યવસ્થા પોતાની પોતે જ કરવાની રહેશે.
- સંપર્ક સુત્રો :-

શીલા નાકરાણી - ઘાટકોપર (ઈ)	૯૮૧૯૪૧૦૫૨૩
શર્મિલા રામજીયાણી - ઘાટકોપર (વે)	૯૬૧૯૦૨૧૨૯૪
ઉષા સેંઘાણી - ડોંબીવલી	૯૮૭૦૬૫૫૫૯૧
જ્યોતિ છાભૈયા - બોરીવલી	૯૮૭૦૩૬૧૮૫૮
ભારતી વાલાણી - પનવેલ	૯૮૧૯૧૧૦૬૮૯

લી. પ્રમુખ - રસ્મિ મનીષ ચૌહાણ - મંત્રી - વર્ષા નરેશ દિવાણી

શ્રી ક.ક.પાટીદાર સનાતન સમાજ શહાડ દ્વારા દશેરાના દિવસે વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

શ્રી ક.ક.પા. સનાતન સમાજ શહાડની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪/૧૦/૧૨ના રોજ પ્રમુખશ્રી ખીમજી લાલજી જાદવાણીના અધ્ય સ્થાને યોજાયેલ. સર્વપ્રથમ પ્રમુખશ્રી ખીમજી લાલજી જાદવાણી, કારોબારી સમીતી અને ટ્રસ્ટના ચેરમેન શ્રી શીવજી હંસરાજ ઉકાણીને મંચસ્થ કરી મહામંત્રી શ્રી વલ્લભભાઈ સામજી પોકારે ઈસ્ટદેવની સ્તુતી કરી સભાની શરૂઆત કરે. સમાજના, ગામના તથા રાષ્ટ્રના સ્વર્ગસ્થ નામી અનામી આત્માને શાન્તિ અર્થે શ્રદ્ધાંજલી આપેલ. ત્યારબાદ ગત સભાની મીનીટનું વાંચન સહમંત્રી પરસોત્તમ જાદવાણીએ કરેલ અને વાર્ષિક હિસાબોની રજુઆત ખજાનચી શ્રી શંકરલાલ પોકારે કરેલ. નવરાત્રીના હિસાબો સહ ખજાનચી મોહન ઉકાણીએ રજુ કરેલ. કેન્દ્રિય સમાજનાં વિકાસ ફંડ રૂા. ૨૦/-ની નોંધ આપેલ. ગત વર્ષના ફંડ મુંબઈ ઝોનને આપેલ સમાજના વાર્ષિક કામ કાજનો અહેવાલ મહામંત્રીશ્રીએ રજુ કરેલ. હરસુખ નાકરાણી, મનજીભાઈ રંગાણી, મોહનભાઈ ભાવાણી, લક્ષ્મીબેન જાદવાણીએ સમાજવાડીમાં સુધારા કરવાના સૂચનો આપેલ. મોહનભાઈએ કહ્યું કે સમાજને અંધશ્રદ્ધામાંથી બહાર કાઢવો જોઈએ. ભરતભાઈ ઘોળુએ કહ્યું કે સનાતની સંતોને પ્રવચનો માટે આમંત્રણ આપવું જોઈએ. કાર્યક્રમના અંતે પ્રમુખશ્રીએ જણાવેલ કે સમાજવાડીમાં સુધારા વધારા માટે સૂચનો આવેલ તેને ધ્યાનમાં લઈ કામકાજ કરવામાં આવશે અને સમાજમાં પ્રેમ, સંપ અને સંગઠન જળવાઈ રહે એવી મા ઉમા પાસે પ્રાર્થના ઉપપ્રમુખ શ્રી લાલજીભાઈ નાકરાણીએ સૌનો આભાર માન્યો હતો. સહમંત્રી પરસોત્તમ જાદવાણીએ શરદપૂનમના કાર્યક્રમની અને બ્રહ્મ ભોજનની વ્યવસ્થા છે તેવી જાહેરાત કરેલ. કાર્યક્રમનું સંચાલન મહામંત્રીશ્રીએ કરેલ હતું.

શરદપૂર્ણિમા ઉત્સવ

શ્રી ક.ક.પા. સનાતન સમાજ શહાડ દ્વારા પરંપરાગત શરદપૂર્ણિમા ઉત્સવ તા. ૨૯-૧૦-૨૦૧૨ને સોમવારના પાટીદાર ભવન શહાડ ખાતે ઉજવવામાં આવેલ. રાત્રે ૮.૩૦ કલાકે શ્રી સોમજી કાનજી પોકાર પરિવાર દ્વારા મા ઉમાની આરતી ઉતારવામાં આવેલ અને ત્યારબાદ રાસ ગરબાની રમઝટ બોલાવી. રાત્રે ૯.૩૦ કલાકે થી બ્રહ્મભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ અને મીજબાની માણેલ. રાત્રે ૧૧.૦૦ કલાકે સૌ આનંદ ઉલ્લાસ સાથે છુટા પડેલ હતા.

નૂતન વર્ષનું સ્નેહ મિલન

શ્રી ક.ક.પા. સનાતન સમાજ શહાડનું નવાવર્ષના દિવસે તા. ૧૪-૧૧-૨૦૧૨ના સવારે ૧૦.૩૦ કલાકે પાટીદાર ભવન શહાડ ખાતે નુતન વર્ષનું સ્નેહમિલન રાખવામાં આવેલ. વડીલો દ્વારા નુતન વર્ષ અભિનંદન, આર્શિવચન પાઠવવામાં આવેલ. મહિલાઓ અને યુવકો તેમજ બાળકોએ નવા વર્ષને વધાવેલ અને અરસ પરસ અભિનંદન આપેલ, શુભેચ્છાઓ આપેલ ત્યારબાદ કેન્દ્રિય સમાજની આવેલ નવાવર્ષની શુભેચ્છા સૌને વાંચી સંભળાવેલ ત્યારબાદ પ્રમુખશ્રી ખીમજીભાઈ લાલજી જાદવાણીએ શુભેચ્છા પાઠવતાં જણાવેલ કે આપણો સમાજ ઉત્તરોતર પ્રગતિના પંથે છે જેમાં સર્વેનો પ્રેમ, સંપ અને મહેનત છે અને સંપ અને સાથ સહકારથી આગળ વધે એવી વિનંતી કરેલ. અંતમાં બપોરના ભોજનની મોજ માણી સૌ છુટા પડેલ. યુવક મંડળ દ્વારા કાર્યક્રમની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ.

લી. સુરેશ અબજી જાદવાણી - મહામંત્રી

॥ શ્રી ગણેશાય નમઃ ॥

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મીરારોડ મુંબઈ

શ્રી ક.ક.પા. સમાજ મીરારોડનું વાર્ષિક સમુહ ભોજન હરખ તેમજ ઉલાસભૈર ઉજવ્યું, તે જણાવતા આનંદ અનુંભવીએ છીએ.

સૌ પ્રથમ માતાજી ઉમીયા માતાની જયોત પ્રગટાવી પ્રમુખ શ્રીમાન શાંતીલાલ લક્ષ્મણ છાભૈયા, ઉપપ્રમુખ હીરાલાલ હંસરાજ પોકાર તેમજ સર્વે મહાનુભવીઓએ માતાજીની આરતી ગાઈને પ્રભુને રીજવયા હતા, ત્યાર પછી સમાજના મહામંત્રી શ્રી હરેશ હીરાલાલ પોકારએ પોગ્રામને નિરવિર્ગ્ન પુરો થાય તેવી માતાજીને પ્રાર્થના કરીને પ્રોગ્રામને ખુલ્લો જાહેર કર્યો હતો, સવારના ચા-પાણી નાસ્તો કર્યા તે પછી રાસ ગરબાની રમઝટ સાથે જન માણસને મંત્રમુગ્ધ કરયા હતા, અમારા વડીલશ્રીઓને પોતાની જવાનીના દિવસો યાદ આવી ગયા હતા, અને યુવાનોને મર્યાદાની રમતની ઝાંખી વ્યક્ત કરી હતી, દરેક યૌવને તેના ઈશારાને દિલમાં સમાવી લીધો હતો, બપોરના ભોજનથી તૃપ્ત થયા પછી યુવક મંડળના પ્રમુખ પ્રવિણ જેન્તીલાલ ચોપડા તેમજ મહીલા મંડળના મહામંત્રી શ્રીમતી ચેતનાબેન રવિલાલ છાભૈયા એ છોકરાઓ તેમજ કપલોને ગેમ રમાડીને હસી... હસી...ને પેટ હાથ રખાવયા હતા, ત્યાર પછી આવતી કાલનું નેત્રૃત્વ કરનારા બાળકોનું સરસ્વતી સન્માનનો કાર્યક્રમ હતો જેમાં દરેક બાળકોને પારીતોષીક આપી દાતાશ્રી લખમસી પ્રેમજી માવાણી પરિવાર તેમજ હરેશ નારણ સુરાણી, કાન્તીભાઈ દાના પોકારે સાથ આપી બાળકોનેં ભણતર માટે પ્રોત્સાહીત કર્યા હતા, તેમજ સમાજે દાતાશ્રીઓને વધાવ્યા હતા, સમાજના પ્રમુખશ્રી શાંતીલાલ લક્ષ્મણ છાભૈયાએ સમાજના આવેલ જ્ઞાતીજનોનો આ પોગ્રામમાં આવી શોભામાં અભિવૃધ્ધી કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો, ઉપપ્રમુખ એવા શ્રીમાન હીરાલાલ હંસરાજ પોકારે નારી શક્તીને બીરદાવીને આગળ આવવા પ્રોત્સાહન આપ્યું હતું અને આશા વ્યક્ત કરી હતી કે સમાજના આવા પોગ્રામો સર્વે બહેંનો સંચાલન કરે તેવી વિનંતી કરી હતી, હવે નારી શક્તિ કયાંય પાછળ નથી તો આપ સર્વ દીકરીઓ તેમજ પરણીને આવેલી સર્વે નારીઓને આગળ આવવા વિનંતી કરી તેમજ સમાજના મહામંત્રી એવાશ્રી હરેશ હીરાલાલ પોકારે પોતાના ગજાપ્રમાણે બેઠેલ જન માણસને એક સીખઆપી હતી કે હવે નો જુગ નોલેજેબલ છે માટે દરેક વ્યક્તી પોત પોતાના ધંધાનું નોલેજ જમાના પ્રમાણે લે નહી તર માર્કેટમાં ટકવું ભારી પડશે, તેમજ સમાજ અને યુવક મંડળને આગ્રહ કર્યો હતો કે દરેક જણ મળીને આવા બીઝનેસને લગતા કાર્યક્રમનું આયોજન કરે તેમજ ધંધાને લગતી સીખો આપી હતી, મહીલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રભાબેન શાંતીલાલ છાભૈયાએ સમાજના દરેક કાર્યક્રમમાં મહીલાઓને આગળ આવવા પ્રોત્સાહિત કરી હતી, તેમજ આખા પોગ્રામનું સંચાલન મીરારોડ યુવક મંડળના પ્રમુખ શ્રી પ્રવિણ જેન્તીલાલ ચોપડાએ કર્યું હતું, સાંજે સમાજના ખજાનચી એવા ધીરજલાલ રતનશી લીંબાણી એ દરેક વ્યક્તિઓનો આભાર વ્યક્ત કરતા સમાજનું ગૌરવ વધારયું હતું. જ્ઞાતીજનો સર્વે વાળુ કરીને મા ઉમીયાની જય બોલાવીને પોત પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું હતું,

સાથ... સહકાર... તેમજ સંગઠન...ની ભાવના રાખનાર એટલે જ મીરારોડનું આગણું.

મહામંત્રી - શ્રીમાન હરેશ હીરાલાલ પોકાર (બીદડા)

ધરતીકંપ કરતાં માનવ માનવ વચ્ચેનો, ધિક્કારકંપ ભયાનક હોનારત સર્જે છે.

શ્રી પાટીદાર યુવક મંડળ મુંબઈ દ્વારા ઉમિયા કપ-૨૦૧૩

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ) દ્વારા આયોજીત ઉમિયા કપ ૨૦૧૩નું આયોજન આ વર્ષે તા. ૧૮ થી ૨૧ ફેબ્રુઆરી દરમ્યાન કરેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છુક ટીમોએ તેમના ફોર્મ તા. ૩૧ જાન્યુઆરી ૨૦૧૩ પહેલા નીચે જણાવેલ નામો પાસે પહોંચાડવા. ટીમ દીઠ પ્રવેશ ફી રૂા. ૩૫૦૦/- છે. ● સ્થળ : ઠાકુર ગ્રાઉન્ડ કાંદીવલી

ફોર્મ મેળવવા તેમજ ભરવાના સ્થળો :-

૧.	ઘાટકોપર	દર્શનમ ઓપ્ટીકસ, રમણ સ્મૃતિ, કરાણી લેન, ઘાટકોપર (પશ્ચિમ)	૯૮૬૯૬૮૭૩૪૭
૨.	થાણા	સચિન દીનેશ દીવાણી	૯૯૮૭૫૪૭૯૬૪
૩.	ડોંબીવલી	ધીરેન રમેશ સેંઘાણી	૯૮૭૦૬૫૫૫૮૫
		રમેશ રામજી સેંઘાણી	૯૫૯૪૪૪૮૦૮૯
૪.	બોરીવલી	સતીષ ભગવાનજી રામજીયાણી	૯૮૧૯૬૫૬૨૩૯

ખાસ નોંધ : દરેક ટીમોને સ્પર્ધાના નિયમોની જાણકારી તેમજ ડ્રો માટેની મીટીંગ ફોર્મ ભરતી વખતે જણાવવામાં આવશે.

લિ. શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ)

મુંબઈ ઝોનની સભામાં એલ.વી. પટેલનું સન્માન

મુંબઈ ઝોનની સામાન્ય સભા તા. ૧-૧૨-૨૦૧૨ના રોજ ઘાટકોપર પાટીદારવાડી ખાતે શ્રી છગનભાઈ કાનજી પોકારના પ્રમુખસ્થાને જ્ઞાતિજનોની વિસાળ સંખ્યાની હાજરીમાં મળેલ હતી. આ સભામાં અ.ભા.ક.ક. પાટીદાર સમાજના પ્રમુખ શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલા, ઉપપ્રમુખ શ્રી મનસુખભાઈ રૂડાણી, મંત્રીશ્રી વાલજીભાઈ ચૌહાણ તથા તેમના સાથે શ્રી હંસરાજભાઈ દેવજી ધોળુ વગેરે અગ્રણીઓ આવેલ હતા.

સભામાં ચર્ચાની શરૂઆતમાં સભામાંથી લોકોએ પ્રમુખ શ્રી ગંગારામભાઈ સાંખલાને પ્રશ્ન કર્યો કે તા. ૨૫-૯-૨૦૧૨ના નિર્માણ સમિતીના ભાઈયોને સભ્યપદેથી નિષ્ક્રિય કરેલ છે તે અંગે મુંબઈ ઝોનને લેટર દ્વારા જાણ કરેલ છે તો હવે એલ.વી.પટેલ ટ્રસ્ટી તરીકે છે કે નહિ? તે જણાવો. ત્યારે શ્રી ગંગારામભાઈએ કહ્યું કે આ બાબતની ઓફિસમાં ખબર હશે ત્યારે સભામાંથી પુછવામાં આવ્યું કે તમે પ્રમુખ છો તેથી આ બાબતનો ખુલાસો કરો ત્યારે શ્રી ગંગારામભાઈએ જણાવેલ કે એલ.વી.પટેલ ટ્રસ્ટી તરીકે ચાલુ છે. ત્યારબાદ સભામાંથી કહેવામાં આવ્યું કે એલ.વી.પટેલને સન્માનપૂર્વક સ્ટેજ પર સ્થાન આપો અને ત્યારબાદ શ્રી એલ.વી.પટેલનું સન્માન કરી સ્ટેજ પર સ્થાન આપવામાં આવેલ હતું.

લી. નારાયણ વિશ્રામ ભગત

શ્રી રામ પારાયણ જ્ઞાનયજ્ઞ ઉમંગભેર ઉજવાયો ઘાટકોપરમાં

ઘાટકોપર (મુંબઈ)માં શ્રી રામ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન થયેલ. તા. ૨૩-૧૨-૧૨ થી તા. ૩૧-૧૨-૧૨ સુધી મુખ્ય યજમાન શ્રી રતનશીભાઈ નાનજી ભાવાણી પરિવાર ગામ (મથલ) હાલે ઘાટકોપર અને શ્રી પુરષોત્તમભાઈ નાનજી સેંઘાણી પરિવાર ગામ (રસલીયા) હાલે ઘાટકોપર આ બે યજમાનના સહયોગે ઘાટકોપરમાં રામ પરાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ.

તા. ૨૩-૧૨-૧૨ના મુખ્ય યજમાન શ્રીમતી દમયંતીબેન રતનશી ભાવાણીના ઘરેથી પોથી યાત્રા સવારના ૭.૩૦ કલાકે બેન્ડબાજા સાથે ધામધૂમથી નીકળી હતી. સાથે પોથી યાત્રા ઉપર હેલિકોપ્ટર દ્વારા પુષ્પ વર્ષા કરેલ તે જોવાલાયક દ્રશ્ય હતું.

રામ પારાયણ જ્ઞાનયજ્ઞમાં વ્યાસ પીઠે પરમ પૂજ્ય શ્રી નાનાલાલ રાજ્યગુરૂ મહુવાવાળા રહ્યા હતા. જેમની અમૃતવાણીનો સહુએ લાભ લીધો હતો.

રામ પારાયણ જ્ઞાનયજ્ઞમાં પાવન પૂનિત પ્રસંગો શિવવિવાહ, શ્રી રામ જન્મ, શ્રી રામ સીતા વિવાહ, રામેશ્વર સ્થાપના, શ્રી રામ રાજ્યાભિષેક, વગેરે પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હલા જેમાં શ્રીરામ સિતા વિવાહમાં ૨ નવદંપતિ રામ-સીતા સ્વરૂપે લગ્ન ગ્રંથીથી જોડાયેલ હતા.

તા. ૨૫-૧૨-૧૨ના રાતના ૮ કલાકે દાંડીયા રાસની રમઝટ યોજેલ હતી જેમાં મોટી સંખ્યામાં બધાએ રાસરમી લાભ લીધો હતો. તા. ૨૬-૧૨-૧૨ના રાતના ૮ કલાકે ડાયરાનું આયોજન કરવામાં આવેલ. તા. ૨૯-૧૨-૧૨ના રાતના ૮ કલાકે દીકરી વહાલનો દરિયો અશ્વિન જોષી દ્વારા ભારે મેદની વચ્ચે યોજેલ હતો.

આ રામ પારાયણ જ્ઞાનયજ્ઞમાં મુંબઈ ટ્રસ્ટ ફંડ, ઘાટકોપર સનાતન સમાજ, ઘાટકોપર યુવક મંડળ, ઘાટકોપર મહિલા મંડળ, મુંબઈ મહિલા મંડળ, મુંબઈ યુવક મંડળ તથા બીજા સેવાભાવી ભાઈ બહેનોએ પોતાનો સહયોગ તન-મનથી આપેલ હતો.

આ રામ પારાયણ જ્ઞાનયજ્ઞમાં રાજકીય સમીતીના જીજ્ઞેશ ચૌહાણ અને રમેશ રંગાણીના સહયોગથી રાજકારણના તેમજ સમાજના નામી અનામી આમદારો, નગરસેવક, નગરસેવિકા વગેરેએ પ્રસંગોપાત હાજર રહેલ.

આ રામ પારાયણ જ્ઞાનયજ્ઞમાં જે દાન આવશે તાના ૫૦% ટકા મુંબઈ ટ્રસ્ટ ફંડમાં શિક્ષણ તેમજ આરોગ્ય માટે આપશે તેમજ ૨૫% ટકા લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ કચ્છ ભુજ તથા ૨૫% ટકા વૃન્દાવન આશ્રમમાં આપશે તેવી જાહેરાત મુખ્ય યજમાનોએ કરેલ જેને સહુએ તાળીઓથી વધાવી લીધેલ.

આ શુભ પ્રસંગમાં ૯ દિવસ બપોરના અને સાંજના મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ જેનો સર્વે ભક્તજનોએ લાભ લીધેલ.

તા. ૩૧-૧૨-૧૨ના સાંજના ૬.૩૦ કલાકે મહાઆરતીનું સમુહમાં હાથમાં દીવડા લઈને આરતી ઉતારવામાં આવેલ જે દ્રશ્ય ખરેખર નયનરમ્ય લાગતું હતું.

આ રામ પારાયણ જ્ઞાનયજ્ઞમાં આપણી જ્ઞાતિ તેમજ બીજી જ્ઞાતિના ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

આ કાર્યક્રમનું સંચાલન બાબુભાઈ વેલાણી (કોટડા જ.) તેમજ ઘાટકોપર સમાજના મહામંત્રી વસંત રવજી પોકારે સંભાળેલ હતું.

આ સમગ્ર કાર્યક્રમ મુખ્ય કન્વીનીયર શ્રી વિશનજી હરજી માવાણી તેમજ સહ કન્વીનીયર વસંત રવજી પોકારના નેજા હેઠળ દરેક સમીતીઓના સાથ સહયોગથી યોજેલ હતો.

કાર્યક્રમના અંતમાં મુખ્ય યજમાન શ્રીઓના શુભ હસ્તે દરેક સમીતીઓના કન્વીનીયર તેમજ તેમની સમગ્ર ટીમ તથા સેવાભાવી ભાઈ-બહેનોને મોમેન્ટો તથા શ્રીફળ આપી આભાર માન્યો હતો. આભાર વિધી બાબુભાઈ વેલાણીએ કરેલ.

શ્રી ઘાટકોપર સનાતન સમાજ (મુંબઈ)

પ્રમુખ - શ્રી શાંતિલાલ લાલજી ધોળુ　　મહામંત્રી - શ્રી વસંત રવજી પોકાર

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ)ની વાર્ષિક સામાન્ય સભા

શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ)ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૩, શનિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે ઘાટકોપર પાટીદાર વાડી ખાતે કરેલ છે જેના એજન્ડા નીચે મુજબ છે.

એજન્ડા :
૧) ગત મીટીંગની મીનીટસનું વાંચન અને બહાલી
૨) ગત વર્ષ ૨૦૧૧-૨૦૧૨ના વાર્ષિક હીસાબોની રજુઆત
૩) પ્રમુખ સ્થાનેથી જે રજુઆત થાય તે.

લિ. શ્રી પાટીદાર યુવક મંડળ (મુંબઈ)

મુંબઈ મહિલા મંડળની આગામી મીટીંગ મુલુન્ડ ખાતે યોજાશે

શ્રી કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ મુંબઈની આગામી મંથલી મીટીંગ તા. ૧/૨/૨૦૧૩ના બપોરે ૨ થી ૫ કલાકે મુલુન્ડ ખાતે નીચે જણાવેલ સ્થળે રાખેલ છે. આ સાથે મહિલા જાગૃતિ કેમ્પ જેમાં મહીલાઓના હેલ્થ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવશે.

તારીખ : ૧/૨/૨૦૧૩
સમય : બપોરે ૨ થી ૫ કલાકે
સ્થળ : આસ્થા બિલ્ડીંગ, ૮૦૨/૮૦૩, દેવી દયાળ રોડ, દેવી દયાળ બસ ડેપો, બી.પી.એસ. કમ્પાઉન્ડ, જૈન મંદિરની બાજુમાં, મુલુન્ડ (વેસ્ટ).

-: સંપર્ક :-
મધુબેન વાસાણી - ૯૮૩૩૦૩૩૧૨૨
ગીતાબેન માવાણી - ૯૮૩૩૬૮૧૦૦૭

લી. પ્રમુખ : રશ્મિ મનીષ ચૌહાણ - મંત્રી : વર્ષા નરેશ દિવાણી

કચ્છ કડવા પાટીદાર એકતા મંચ (મુંબઈ)નો અહેવાલ

''મુંબઈ પાટીદાર પ્રગતિ''ના ગતાંકમાં જાહેર કર્યા બાદ ''એકતા મંચ'' સક્રિય થયેલ છે. ''એકતા મંચ'' દ્વારા મુંબઈઝોન ને ૯૧૭ (નવસો સત્તર) વ્યક્તિઓની સહી કરાવીને પત્ર આપેલ તેમાં હાલમાં મુંબઈ ઝોન દ્વારા તા. ૧૮/૯/૨૦૧૨ અને તા. ૧/૧૨/૨૦૧૨ના કારોબારી અને સામાન્ય સભા બોલાવી, મુંબઈમાં વડીલોના અપમાન અને મુંબઈમાં સંગઠન તોડવાની પ્રવૃતિઓ કરવાથી મુંબઈ ઝોનના હોદેદારોના રાજીનામા માંગતો પત્ર તા. ૧૦/૧૨/૨૦૧૨ના આપેલ અથવા તા. ૧૮/૯/૨૦૧૨ અને તા. ૧/૧૨/૨૦૧૨ની મીટીંગમાં બનેલ ઘટનાને વખોડી કાઢે, તેના હજી સુધી કોઈ પણ પગલાં લેવાયા નથી, તદ ઉપરાંત ટ્રસ્ટ ફંડ મુંબઈને પણ તા. ૯/૧૨/૨૦૧૨ના વર્તમાનમાં મુંબઈ ઝોનની પ્રવૃત્તિમાં સાથ આપનાર બે ટ્રસ્ટી શ્રી ઉમેશ નાથાણી અને શ્રી મહેશ વેલાણી (જેમનો બહિષ્કાર લુડવા મુંબઈ સમાજે પણ કરેલ છે.)ના રાજીનામા માંગતો પત્ર આપેલ છે. ''એકતા મંચ'' આશા રાખે છે કે બન્ને સંસ્થાઓ યોગ્ય નિર્ણય લેશે અને ઝોનની તેમજ ટ્રસ્ટ ફંડની અસાધારણ સભા બોલાવી આ પ્રશ્નો જાહેરમાં નિર્ણય કરવા રાખે, કે જેથી દુધ નુ દુધ અને પાણીનું પાણી થઈ જાય, આ નિર્ણયો થી મુંબઈમાં એકતા જળવાશે અને આની નોંધ ભારતભરની સમાજો લેશે, મુંબઈમાં શ્વેતપત્રનો અમલ કયારે પણ નહી થવા દેવાય.

હાલમાં અખિલ ભારતીય સમાજના હોદેદારો અમુક જણાના હાથા બનીને ભારતભરની સમાજો વિખાવા મંડી છે. તે ખુબજ દુઃખદ ઘટનાઓ ઘટી રહી છે. સમાજોમાં સાંપ્રદાયીક વાતાવરણ ઉપજાવીને જે સમાજો તુટે છે તેમને પોતાનાજ વિચારોથી સમાજ ન તુટે અને સંગઠન બની રહે તેવાજ પ્રયત્ન કરવા જોઈએ અને કોઈની પણ વાતોમાં ન આવવું જોઈએ અને સમાજ સંગઠનથી જેમ ચાલે છે તેમજ ચાલે તેમાં સમાજની પ્રગતિ થાશે.

આ એકતા મંચની રચના કરવાનો આજ હેતુ છે. આ એકતા મંચમાં જોડાવા અમો લોકલ દરેક સમાજો, યુવક મંડળો અને મહિલા મંડળો જોડાય અને તેમાં જોડાવા માટે અમો એકતા મંચના દરેક સભ્યો વતિથી નીચેની વ્યક્તિનો સંપર્ક કરે તેવી વિનંતી કરીએ છીએ.

શ્રી મનસુખ ધનજી વેલાણી	૦૯૮૯૨૧૩૫૧૩૪	શ્રી સામજી નારાયણ નાકરાણી	૦૯૩૨૨૨૬૯૬૪૫
શ્રી રમેશ રવજી પોકાર	૦૯૮૨૧૩૩૬૨૨૬	શ્રી મોહન કરસન પોકાર	૦૯૩૨૨૨૬૧૩૪૭
શ્રી જગદીશ કાનજી માકાણી	૦૯૮૬૭૬૨૯૧૬૪	શ્રી અરવિંદ શીવજી પોકાર	૦૯૮૬૯૪૭૩૭૬૨

શ્રી શીવલાલ લખમશી વાસાણી ૦૯૮૨૦૮૨૭૪૮૪

પહેલા પાનાથી ચાલુ....

પાટીદાર ટ્રસ્ટ ફંડ મુંબઈ, શ્રી પાટીદાર યુવક મંડળ મુંબઈ, શ્રી ક.ક. પાટીદાર મહિલા મંડળ મુંબઈ, શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ મુંબઈ ઝોન, અન્ય સહયોગી મંડળો વગેરે વિવિધ સંસ્થાઓના પ્રતિનીધિઓ અને સર્વે દાતાશ્રીઓએ કાર્યક્રમને વખાણ્યો તેમજ યુવક મંડળની પીઠ થાબડી અને આવા કાર્યક્રમો થોડા થોડા સમયે કરવા જોઈએ એવો પ્રતિભાવ આપ્યો.

ઘાટકોપર યુવક મંડળ શ્રી કચ્છી કડવા પાટીદાર ટ્રસ્ટ ફંડ (મુંબઈ) તેમજ સર્વે ટ્રસ્ટીઓ અને ઘાટકોપર વાડીના સર્વે સંચાલકો અને સ્ટાફના આભારી છે જેના સહકારથી અમે વાડીમાં રીહર્સલ કરી શકયા તેમજ બીજા સર્વે કાર્યકર્તાઓ જેઓ એ આ કાર્યક્રમમાં પોતાનો સહયોગ આપ્યો તેઓનો પણ આભાર.

સર્વે જ્ઞાતિજનોમાં સંપ, સંગઠન અને એકતાની ભાવના જળવાય, સમાજ પ્રત્યેની લાગણી વધે તેમજ સમાજ માટે કાંઈ કરવાનું મન થાય અને આપણા જ્ઞાતિજનોની પ્રતિભા સૌ સમક્ષ ઉભરે એવા પ્રયાસ રૂપી ઉર્જા-૨૦૧૨ જેવા કાર્યક્રમ કરવા ઘાટકોપર યુવક મંડળ હંમેશા કટીબદ્ધ રહેશે. આ કાર્યક્રમમાં કે સ્મરણિકામાં કાંઈ પણ ક્ષતિ રહી જવા પામી હોય તો અમે દિલથી ક્ષમા યાચીએ છીએ.

લી. શ્રી કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ (ઘાટકોપર)
મહામંત્રી - શ્રી રાજેશ પ્રભુલાલ વેલાણી

Printed and Published by : Chhagan Kanji Pokar on behalf of Shree Kutcchi Kadva Patidar Gnyati Trust Fund, Mumbai and Printed at : M/s. Jyoti Print & Pack Pvt. Ltd., 114/A, Ghatkopar Industrial Estate, Amrut Nagar, Ghatkopar (W), Mumbai - 400 086. Published at : Shree Kutcchi Kadva Patidar Gnyati Trust Fund, Patidar Wadi, Near Hotel Airways, L.B.S. Marg, Ghatkopar (W), Mumbai - 400 086. Editor : Shri Narayan Vishram Bhagat